॥ स्वप्नं द्रष्टा, समर्पणं कुरु, पुरुषार्थं कुरु, यशस्विनं भव ॥

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૪ I વર્ષ - ૩ I ઓક્ટોમ્બર - ૨૦૨૩ (સળંગ અંક : ૨૮) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop


# EMBRYO TRANSFER

## ગર્ભ પ્રત્યારોપણ ને મળી અભૂતપુર્વ સફળતા

મહેસાણા દૂધસંઘના કાર્યક્ષેત્રમાં ઉત્તમ પશુધન પેદા થાય તથા આ પશુધનના પરિણામે અહીંના પશુપાલકો ઓછા જાનવરોથી વધુ દૂધ ઉત્પન્ન કરી નફાકારક પશુપાલન તરફ આગળ વધે તેવા શુભ આશયથી સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ સમગ્ર નિયામક મંડળ અને MD શ્રી. સહિતના અધિકારીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે જેના શુભ ફળ વર્તમાન સમયમાં જોવા મળી રહ્યા છે.





થોડાક સમય અગાઉ જગુદણ ખાતે NDDB ના સહયોગથી IVF અને ET કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત જગુદણ ખાતે લાવવામાં આવેલ ઉચ્ચ ગુણવત્તા વાળી ગાયોમાંથી બીજ લઈને NDDB (આણંદ) ની પ્રયોગશાળામાં ગર્ભ તૈયાર કરીને પશુપાલકના ખીલે જઈને તેમના પશુઓમાં આ ગર્ભ પ્રત્યારોપણ કરવાનું અભિયાન ચલાવવામાં આવ્યું હતું. વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા આ અભિયાનને અત્યારે ભરપુર સફળતા મળી રહી હોવાના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. ગત તા. ૧ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ આપણી દૂધ સાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવતી વિજાપુર તાલુકાની ૧૧૫ - હાથીપુરા દૂધ મંડળીના સભાસદ શ્રીમતી. પટેલ શર્મિષ્ઠાબેન જીતેન્દ્રભાઈની ગાય નં.૧૦૫૦૯૩૯૧૦૮૯૪ માં ગર્ભ મુકવામાં આવ્યો હતો. આ વૈજ્ઞાનિક પ્રક્રિયાને ગત તા.૨૪ ઓગષ્ટ ૨૦૨૩ ના રોજ સફળતા મળતાં એક તંદુરસ્ત વાછરડીને જન્મ થવા પામ્યો છે. જેનું વજન ૫ દિવસની ઉંમરે ૪૦ કિલોથી વધારે છે. ET થી જન્મેલ આવી વાછરડીનું સારી રીતે જતન કરવાથી તે વધારે દૂધ આપે તે માટે તે વાછરડીને પાડી - વાછરડી ઉછેર કાર્યક્રમમાં નોંધી લેવામાં આવી છે. આ વર્ષે પણ દૂધસાગરના વેટરનરી વિભાગ દ્વારા આ કાર્યક્રમ ફરી શરૂ કરવામાં આવનાર છે. તો જે દૂધ ઉત્પાદકો આ વૈજ્ઞાનિક પદ્ધતિનો લાભ લેવા માગતા હોય તેઓએ પોતાની મંડળીના બિજદાન કર્મચારી પાસે નામ નોંધણી કરાવી લેવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. આ અંગે વધુ જાણકારી માટે ડૉ. એમ.એ. પટેલ (મો.૮૧૨૮૬૭૩૯૫૨) અને ડૉ.એન. ડી. સોલંકી (મો.૮૧૨૮૬૭૩૯૪૪) સંપર્ક કરવા દૂધસાગર મેનેજમેન્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આપણી દૂધસાગર ડેરીને વધુ એક સફળતા સેક્સડ્ સીમેન ડોઝથી ભેંસના ગર્ભધારણમાં ૫૫.૮ % નું ઉત્તમ પરિણામ મળવા પામ્યું છે. આપણી ગાય કે ભેંસને વાછરડી કે પાડી જન્મે અને આપણું પશુ વધુ દૂધ ઉત્પાદન આપતું થાય તેવી બધાજ પશુપાલકોની ઈચ્છા હોય છે. વૈજ્ઞાનિક અભિગમો અને આવિષ્કારને અપનાવવાથી આ સંભાવનાઓ વધુ પ્રબળ બનતી હોય છે. મહેસાણા દૂધ સંઘ દ્વારા સારામાં સારા ધણખુંટમાંથી સાગર સેક્સડ્ સીમેન ડોઝ આપણા જગુદણ કેન્દ્ર ખાતે બનાવવામાં આવે છે. જેનાથી પશુ ગાભણ થાય તો ૯૦% કેસમાં પાડી કે વાછરડી જ જન્મે છે.

કેટલાક બીજદાન કર્મચારીઓ અને પશુપાલકોના દિલો દિમાગમાં સેક્સડ્ સીમને ડોઝનું પરિણામ ઓછું આવે છે તેવી ભ્રમણા ઘર કરી ગઈ છે. પરંતુ, સારા પશુઓમાં યોગ્ય સમયે અને સારી રીતે બીજદાન કરવામાં આવે તો સેક્સડ્ સીમેન ડોઝનું પણ પરિણામ સાદા ડોઝ કરતાં ઉત્તમ અને સચોટ ગર્ભધારણ થાય છે અને સરેરાશ ૯૦% કેસમાં પાડી અને વાછરડીનો જ જન્મ થાય છે. આ વાતને પુરવાર કરતી એક સફળતા આપણને વિજાપુર તાલુકાના રણસીપુર દૂધ મંડળીના વિસ્તારમાં જોવા મળી છે. અહીં કામ કરતાં બીજદાન કર્મચારી શ્રી. રમેશભાઈ બળદેવભાઈ પટેલ (મો.૯૯૨૫૦૭૬૧૪૭) દ્વારા પોતાના ગામમાં દૂધ ઉત્પાદકોની ૩૫ ભેંસોને સેક્સડ્ સીમેન ડોઝથી બીજદાન કરવામાં આવ્યું હતું. જેમાંથી ૨૪ ભેંસો ગાભણ થયેલ અર્થાત ગર્ભધારણ દર ૫૫.૮ % રહેવા પામ્યો છે. જે તેમના દ્વારા કરવામાં આવતા બીજદાનની બરાબર છે. આ ૨૪ ગાભણ ભેંસોમાંથી અત્યાર સુધી ૧૧ ભેંસો વિયાયેલ છે જે તમામે પાડીને જન્મ આપેલ છે. તેથી સેક્સડ્ સીમેન ડોઝની પધ્ધતિનો ઉપયોગ કરનાર આ ગામને પશુપાલકોને ખૂબ ફાયદો થવા પામ્યો છે. સાગર સેક્સડ્ સીમેન ડોઝની મહેસાણા દૂધ સંઘને પડતર કિંમત ૭૦૦ થી ૭૫૦ થવા પામે છે પરંતુ, વિસ્તારમાં દૂધ ઉત્પાદકોને લાભ થાય તે માટે મેનેજમેન્ટ દ્વારા ઉદાર નિતી અખત્યાર કરવામાં આવી છે અને હાલમાં દૂધ મંડળીને આ ડોઝ ફક્ત ૫૦ રૂપિયાની મામૂલી રકમથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે ત્યારે સપ્ટેમ્બરથી માર્ચ મહિના સુધી પશુ પ્રજનન માટે ખૂબ અનુકૂળ સમય હોવાથી બીજદાન કર્મચારીઓ અને દૂધ ઉત્પાદકોને સાગર સેક્સડ્ સીમેન ડોઝનો વધુમાં વધુ ઉપયોગ કરવા દૂધસાગર ડેરીના મેનેજમેન્ટ દ્વારા આગ્રહ કરવામાં આવ્યો છે.

| ભેંસની સંખ્યા | ગાભણ ભેંસની સંખ્યા | ગર્ભધારણ દર | તાજેતરમાં વિયાણ થયેલ ભેંસોની સંખ્યા | જન્મ થયેલ પાડીઓની સંખ્યા | માદા પશુ જન્મ રેશિયો |
|---|---|---|---|---|---|
| ૩૫ | ૨૪ | ૫૫.૮% | ૧૧ | ૧૧ | ૧૦૦% |

# આ ચોમાસામાં શું તમે ગાયો ઉપર ચોંટેલી ઈતરડીઓ અથવા કથીરઓથી પરેશાન છો ?

*દૂધસાગરના ડૉક્ટરની ડાયરી*

અત્યારે ગરમી અને ભેજવાળા વાતાવરણમાં મોટાભાગના તબેલામાં ઈતરડીઓનું પ્રમાણ વધી ગયેલ છે અને તેના કારણે તેનાથી થતા રોગો ને લઈને ગાયો તથા ભેસોમાં દૂધ ઉત્પાદન ઘટી જાય છે અને જાનવર અશક્ત અને દૂબળુ પડતું જાય છે. ઈતરડીઓને કારણે લોહીના પ્રજીવ જન્ય રોગોનો ફેલાવો થાય છે. જેવા કે, (૧) થાઈલેરીયોસીસ (૨) બબેસીઓસીસ (૩) એનાપ્લાસ્મોસીસ અને (૪) ટ્રીપેનોસોમીઆસીસ (સરા/ચકરી)

આ રોગોને કારણે ગાયોમાં ખૂબ જ તાવ આવવો (૧૦૪° ફે થી ૧૦૬° ફે) મોઢામાંથી લાળ તથા નાકમાંથી પ્રવાહી પડવું, લસિકા ગ્રંથીમાં સોજો આવવો (થાઈલેરીયોસીસ), લોહી પાતળું પડવું, પેશાબમાં લોહી આવવું (બબેસીઓસીસ) અને કમળાની અસર થવી (એનાપ્લાસ્મોસીસ) ખાસ કરીને ભેસો માં ચકરી આવવી (ટ્રીપનોસોમીઆસીસ), પશુ બેચેન રહેવું, ખાવાપીવાનું છોડી દેવું દૂધ ઉત્પાદન ઘટી જવુ, ક્યારેક લકવો પડી જવો વગેરે લક્ષણો જોવા મળે છે. જો પશુઓને સમયસર સારવાર ના થાય તો ક્યારેક પશુ મરણ પણ પામે છે. જેથી આવા રોગો ની તાત્કાલીક સારવાર કરાવવી. પશુ ના રોગના લક્ષણો અને લોહીની લેબોરેટરી પરીક્ષણ થી ઝડપી નિદાન શક્ય છે.

**આવા રોગો ના થાય માટે પશુપાલકે શુ કરવું જોઈએ ?**

- આવા રોગો ઈતરડીઓ દ્વારા ફેલાતા હોવાથી તેનું નિયંત્રણ સૌથી પહેલા જરૂરી છે
- ઈતરડીઓ અથવા કથીરઓ ના નિયંત્રણ માટે ઈતરડીઓ મારવા માટેની દવા જેવી કે ડેલ્ટામેથ્રીન (બ્યુટોક્ષ), ફ્લુમેથ્રીન (બાયટીકોલ), અમીતરાજ, સાયપરમેથ્રીન વગેરે બજારમાં મળે છે. પરંતુ સંઘ માં દૂરડા દ્વારા ડેલ્ટામેથ્રીન (બ્યુટોક્ષ) અને ફ્લુમેથ્રીન (બાયટીકોલ) આપણા ગ્રાહકો ને ૫૦% સબસીડી માં મળે છે.
- ડેલ્યામેથ્રીન ૧.૨૫% (બ્યુટોક્ષ) ૨ થી ૩ એમ.એલ દવા ૧ લીટરમાં પાણીમાં નાખી, હલાવી પશુ ના શરીર પર પંપ દ્વારા સ્પ્રે કરવી અથવા પોતુ મારી શકાય છે.
- ફ્લુમેથ્રીન ૧% (બાયટીકોલ) દવા પશુના શરીરના કરોડ પર એટલે કે ગરદન થી પુછડી સુધી ૩૦ થી ૪૦ એમ.એલ. પ્રતિ જાનવર સરખા માં રેડવી.
- ઈતરડીઓ મોટે ભાગે શેડની ગમાણ, તળીયામાં, દિવાલ વગેરે ની તીરાડોમાં છુપાએલ હોય છે. આથી તેના સંપૂર્ણ નાશ માટે ડેલ્ટામેથ્રીન ૫૦ એમ.એલ દવાની બાટલી ૧૫ લીટર પાણીમાં ઉમેરી ખેતી માં વપરાતા પંપ ના ઉપયોગ દ્વારા ગમાણ, તળીયામાં, દિવાલ, વગેરેની તીરાડો માં છંટકાવ કરવો.
- ગમાણ કે દિવાલો પર દવા છાંટતી વખતે જાનવરોને અઠવાડીયું અન્ય જગ્યા પર બાંધવા
- ઈતરડી નાશ માટે દવાનો ઉપયોગ બતાવેલ નિયત ડોઝ મુજબ જ કરવો - બાળકોને આવી દવાના સંપર્ક થી દૂર રાખવા
- વધારે પ્રમાણ માં દવાના ઉપયોગથી ક્યારેક પશુ ને દવા નું ઝેર ચડે છે અથવા રીએક્શન આવે છે. આવા કેસમાં પશુ ચિકિત્સક નો તાત્કાલિક સંપર્ક કરી સારવાર કરાવવી.
- ગમાણ, ભોયતળિયા અને દિવાલ પાકી તેમજ પ્લાસ્ટર વાળી હોવી જોઈએ.
- ગમાણ તેમજ ભોયતળિયું કાચુ હોય તો ઈતરડીઓ ના રાફડા નો નાશ કરવા પશુ બાંધવાની જગ્યા એક ફૂટ જેટલી ખોદી નાખી તે ખાડા અઠવાડીયા સુધી મીઠા તથા ચુના ના મિશ્રણ વાળુ પાણી ભરી રાખવુ તથા દિવાલ પર ચુનો લગાવવો.
-ઈતરડીઓ ના નિયંત્રણ માટે આઈવરમેક્ટીન કે ડોરામેક્ટીન ઈન્જેક્શનનો ઉપયોગ થાય છે.
- ઈતરડીઓના નિયંત્રણ માટે દેશી ઉપાય (૧) એરંડીયું તથા મીઠા ને ગરમ કરી ઠંડુ કરી ઈતરડી વધુ ચોટતી હોય તેવા ભાગો પર ચોપડવું (૨) રૂખડી ના પાનાં ને લસોટી તેનો રસ ચોપડવો અને તે પશુ ચાટે નહી તેનું ધ્યાન રાખવું.
- થાઈલેરીયોસીસ ના રોગના અટકાવ માટે દર બે વર્ષ ના અંતરે રસી (રક્સા વેક-ટી) મુકાવવી જોઈએ જે સંઘમાં પશુ ચિકિત્સક દ્વારા નોંધાવેલ ગ્રાહકો ના પશુઓને નજીવા દરે મુકવામાં આવે છે.
- સાજા થયેલ જાનવર ને પુરતા પ્રમાણમાં મીનરલ મીક્ચર આપવું.

## M.R. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ એ માત્ર પાઠશાળા નથી - નવા ભવિષ્યનું નિર્માણ છે

# સાગરની મૂલાકાતે સંરક્ષણ મંત્રાલય












ભારતના વર્તમાન પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં : આજની ભારત ભૂમિમાં રમતા બાળકો એ દેશની ધરોહર છે અને આ બાળકો જ નવા ભારતનું નિર્માણ કરશે. શક્તિશાળી અને સાર્મથ્યવાન ભારતના નિર્માણ માટે આપણા બાળકોને આપણે આજથી જ શિસ્ત, સંયમ, શારીરિક ખડતલતા, સંસ્કાર, નિતીમત્તા અને જ્ઞાન સાથે દેશભક્તિ પિરસવી પડશે. અને આ બધાની ફળશ્રૃતિ એટલે સમગ્ર ભારતમાં સ્થાપિત થનારી ૧૦૦ સૈનિક સ્કૂલ !!

આ ૧૦૦ પૈકી એક સૈનિક સ્કૂલની ગુજરાતમાં પ્રથમ જવાબદારી પ્રધાનમંત્રીશ્રી.એ આપણી દૂધસાગર ડેરીને સોંપી છે. દેશ માટે ઉચ્ચ નાગરિકોનું ઘડતર થાય તે માટે દૂધસાગર પ્રશાસન સાગર સૈનિક સ્કૂલની તેજસ્વીતા અને ઓજસ્વીતાનો પ્રકાશ ચોમેર પથરાય તે માટે સંસ્થાના વડા શ્રી. અશોકભાઈ બી. ચૌધરીના નેતૃત્વમાં કટિબધ્ધ છે ! આપણી દૂધસાગર ડેરીમાં પોતાના જીવનના ૩૫ વર્ષ સમર્પિત કરી દૂધસાગર ડેરીને - દેશનું ગૌરવ બનાવનાર ભૂતપુર્વ ચેરમેનશ્રી. મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી નો સમર્પણ ભાવ યવાચંદ્ર દિવાકરો સુધી નવી પેઢી યાદ કરે તે માટે શ્રી. અશોકભાઈ ચૌધરી તથા નિયામક મંડળે આ સ્કૂલને મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી સાગર સૈનિક સ્કૂલ નામ આપી યથાશક્તિ ભાવાંજલિ અને શ્રધ્ધાંજલિ આપવાનો પ્રયત્ન કર્યો છે જે વંદનીય છે. મહેસાણા નજીક બોરીયાવી ખાતે આપણી સૈનિક સ્કૂલ નું ભૂમિપૂજન દેશના ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રીશ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે સંપન્ન પણ થયું છે. જેની સૈધ્ધાંતિક મંજૂરીઓ મળી જવા પામી છે અને ટૂંક સમયમાં નવા ભવનનું નિર્માણ શરૂ થશે. તાજેતરમાં તા.૧૧ સપ્ટેમ્બરના રોજ ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય હસ્તકની સૈનિક સ્કૂલ સોસાયટીમાંથી કોમોડોર શ્રી. આર કે. શર્મા તથા બાલાછડી સૈનિક સ્કૂલ જામનગરના પ્રિન્સીપાલ શ્રી. કર્નલ શ્રેયાંસ મહેતા આપણી આ શૈક્ષણિક સંસ્થાની મૂલાકાતે પહોંચ્યા હતા. આ મૂલાકાત દરમ્યાન શ્રી. આર. કે. શર્માએ નવી કોમ્પ્યુટર લેબોરેટરીનું ઉદ્ઘાટન કરી નવીન બનનાર સૈનિક સ્કૂલના પ્લાન લે-આઉટનું અનાવરણ કર્યુ હતું. સૈનિક સ્કૂલ ની સુવિધાઓ, હોસ્ટેલની વ્યવસ્થા, બાળકોની દિનચર્યા, બાળકોનું ભોજન એ તમામ બાબતોની ચકાસણી બાદ તેઓએ સાગર સૈનિક સ્કૂલના બાળકો સાથે વૈચારિક અનુભવોની આપ લે તથા વૃક્ષારોપણ કરી ટૂંકાગાળામાં દૂધસાગર ડેરી દ્વારા સૈનિક સ્કૂલનું સફળ સંચાલન બિરદાવી દૂધસાગર ડેરીની સામાજિક તથા દેશ માટેની કર્તવ્યનિષ્ઠાને સૈનિકની અદાથી સલામ કરી હતી.

# વધુ દૂધ અને વધુ ફેટ માટે દૂધસાગર ડેરીની નવી પ્રોડક્ટ્સ




## સાગર સુપ્રીમ ફેટ

મહેસાણા દૂધ સંઘના કાર્યક્ષેત્રમાં પશુપાલનનો વ્યવસાય ફૂલેફાલે અને આપણા પશુપાલકો ઓછા ખર્ચે - ઓછા જાનવરોથી વધુ દૂધ અને વધુ ગુણવત્તાયુક્ત દૂધનું ઉત્પાદન કરી સુખી સંપન્ન થાય તે માટે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના માર્ગદર્શન નીચે અનેક દિશાએથી હકારાત્મક કાર્યો અને પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. વિજ્ઞાનનો સહારો લઈ બીજદાન થી માંડી પશુઆહાર સુધી દૂધસાગર દ્વારા વિવિધ આવિષ્કાર રજૂ કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જગુદણ ખાતેની સાગરદાણ ફેક્ટરી દ્વારા પશુઓ વધુ દૂધ અને ફેટ આપી શકે તે માટે એક વિશેષ ખોરાક ૨ કિલોના પાઉચમાં પશુપાલકો માટે માત્ર ૨૧૫ રૂપિયાની કિંમતે વેચાણ માટે મુકવામાં આવ્યો છે. સાગર સુપ્રિમ ફેટ ખોરાકમાં વિટામીન અને મિનરલનું મહત્તમ અને ન્યુનતમ પ્રમાણ રાખવામાં આવેલું છે. આ પશુઆહાર ગાભણ પશુને વિયાણના ૧૫ દિવસ સુધી અને તે પહેલાં રોજ ૭૫ ગ્રામ ખવડાવવાની નિષ્ણાતોએ સલાહ આપી છે. દૂધાળા પશુને પ્રતિલિટર દૂધ દીઠ ૧૦ ગ્રામ સાગર સુપ્રિમ ફેટ ખોરાક આપવાથી ભરપૂર ફાયદો મળી શકે છે. સાગર સુપ્રિમ ફેટ પશુને ખવડાવવાથી કોઈ પણ પ્રકારના તેલ જેવા કે સીંગતેલ, કપાસીયા તેલ તેમજ વનસ્પતિ ઘી વગેરે અલગથી આપવાની જરૂર રહેતી નથી. આ ખોરાક મેળવનાર જાનવરની દૂધ ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. દૂધમાં ફેટની ટકાવારી વધે છે. દૂધાળાં પશુને દૂબળાં પડતાં આ ખોરાક અટકાવે છે  તથા ગાભણ પશુને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે. સાગર સુપ્રિમ ફેટ ખોરાક એક સંજીવની સમાન છે. જેનાથી પશુઓના દૈનિક આહારમાં શક્તિનું પ્રમાણ સહેલાઈથી વધારી શકાય છે અને વિયાણ પછી પશુ શારિરીક સશક્ત રહે છે. આ ખોરાકથી પોષકતત્વો વધારે મળે છે અને આફરો અને એસીડોસીસ થતા નથી. પશુનું દૈનિક દૂધ ઉત્પાદન વધે છે અને દૂધમાં ફેટનું પ્રમાણ વધવાની સાથે દૂધની ગુણવત્તામાં સુધારો થાય છે. વિયાણ પછી પશુઓનું વજન ઘટવાની સમસ્યામાં આ ખોરાકથી ખાસી એવી મદદ મળે છે અને આ સમસ્યામાંથી મુક્ત થઈ શકાય છે. આ ખોરાકથી બે વિયાણ વચ્ચેનો ગાળો - અંતર ઓછું કરી શકાય છે અને જાનવર સમયસર વેતરમાં આવે છે. કુલ મળીને સાગર સુપ્રિમ ફેટ ખોરાકથી પશુપાલકને દૈનિક ચોખ્ખા નફામાં ફાયદો જોવા મળશે.

## દૂધસાગર ડેરીમાં કૃત્રિમ બીજદાન કર્મચારીઓની એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન થયું





ગત તા.૨૮ સપ્ટેમ્બરના રોજ મહેસાણા દૂધસાગર ડેરીના માનસિંહભાઈ ઓડિટોરીયમ ખાતે સમગ્ર દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં કામ કરતા કૃત્રિમ બીજદાન કર્મચારીઓની એક દિવસીય તાલીમ યોજવામાં આવી હતી. મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ બી. ચૌધરી, સંસ્થાના ડિરેક્ટર અને ખેરાલુ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, સંસ્થાના MD શ્રી. ધીરજકુમાર તથા સમગ્ર ગુજરાતના નિષ્ણાત બીજદાન કર્મચારી એવા મેહુલભાઈ અને રમેશભાઈની સાથે સુમુલ ડેરી (સુરત) ના મહેમાનશ્રીઓની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમમાં પશુઓમાં ગર્ભ ધારણ ટકાવારી વધારવા અંગેના અનુભવો તથા હર્ડમેન સોફ્ટવેર અંગે વિસ્તૃત માહિતી આપી ઉપસ્થિત બીજદાન કર્મચારીઓની બદલાતી ટેક્નોલોજી સાથે પોતાના જ્ઞાનને અપડેટ રાખવાનું અશોકભાઈ ચૌધરીએ આહવાહન કર્યુ હતું.

## પશુપાલકોની પડખે

# દૂરડા



## તા. ૧-૦૪-૨૦૨૨ થી તા. ૩૧-૦૩-૨૦૨૩ સુધી કુલ : ૧,૫૯,૨૦,૦૯૬ ની સહાય

મહેસાણા, પાટણ અને ગાંધીનગર જીલ્લાની અંદાજિત ૧૩૫૦ જેટલી દૂધ મંડળીઓના પ્રમુખશ્રીઓ, કમીટી સભ્યશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનોનો વિશાળ પરિવાર તથા દૂધના ધંધાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ - સહાય પરિવાર એટલે દૂરડા (દૂધસાગર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એશોસિએશન !!

ભૂતકાળમાં, દૂધસાગર ડેરીના આધસ્થાપક સ્વ.માનસિંહભાઈ પટેલ તથા આપણી ડેરીના સંવર્ધક અને દિર્ઘદ્રષ્ટા સ્વ.મોતીબાપુ દ્વારા સ્થાપીત અને સંવર્ધિત દૂરડાની રચનાનો મૂળ આશય આપણી દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં દૂધ ઉત્પાદકો વૈજ્ઞાનિક ધોરણે દૂધ ઉત્પાદનનો વ્યવસાય અપનાવે અને પશુદીઠ દૂધ ઉત્પાદકતા વધારી - દૂધથી થતી આવકમાં વધારો કરી પોતાનું જીવન ગુણવત્તા સભર અને સન્માનથી આપણો પશુપાલક જીવી શકે તે રહેલો છે. દૂધસાગરની સહાયક સંસ્થા એવી દૂરડા દ્વારા એક ખાસ રકમની વ્યવસ્થા કરી પશુપાલનના ધંધાને વેગ મળે તે માટે આ ધંધામાં વપરાતા નવીન સાધનો, નવીન ટેક્નોલોજી હેઠળ તૈયાર થયેલા ઉપકરણો, દવાઓ સહિત વિવિધ ચીજવસ્તુઓ ઉપર સહાય આપીને આપણા વિસ્તારના પશુપાલકો તેનો ઉપયોગ કરતા થાય તેની કાળજી સતતના ધોરણે લેવાઈ રહી છે. દૂધસાગર પત્રિકાના વાંચકો ૨૦૨૨-૨૩ માં દૂરડા દ્વારા જે સહાય આપવામાં આવી તેનાથી અવગત થાય તેવા શુભ હેતુથી વિતેલા વર્ષ દરમ્યાન દૂરડાની કાર્યપધ્ધતિ તથા પશુપાલકોની વિવિધ જરૂરી પશુપાલન અંગેની વસ્તુઓની સંખ્યા - પશુપાલકની ચૂકવણી અને દૂરડાની સહાયના આંકડા પ્રગટ કરી રહ્યા છીએ.

| ક્રમ | વસ્તુનું નામ | મંડળીની સંખ્યા | વસ્તુની સંખ્યા | કુલ રકમ | દૂરડા સહાય |
|---|---|---|---|---|---|
| ૧ | BETICOL (પશુદવા) | ૧૮૧ | ૫૦૭૪ | ૭૩૪૦૮૪ | ૩૪૨૮૬૫ |
| ૨ | BUTOX (પશુદવા) | ૫૫ | ૨૬૪૫ | ૧૨૮૭૩૯ | ૫૭૯૪૦ |
| ૩ | પાડી વાછરડીની દૂધ બોટલ | ૨૩૪ | ૧૩૯૧ | ૪૦૮૦૯૦.૪૭ | ૧૯૯૪૨૦ |
| ૪ | ચાફ કટરી | ૧૩૯ | ૨૦૨ | ૮૫૫૪૯૦૫ | ૨૫૫૬૦૦૯ |
| ૫ | C.M.T કીટ | ૨૨ | ૫૩ | ૧૭૪૬૦.૫૬ | ૮૭૩૦ |
| ૬ | હાથસૂડા | ૭૮ | ૫૩૦ | ૪૬૧૬૧૭.૭૭ | ૨૨૫૫૧૦ |
| ૭ | TRAVICE | ૪૧ | ૪૧ | ૧૨૩૧૮૮૪.૮૯ | ૩૬૦૬૧૧ |
| ૮ | PIPERIZEN | ૦૧ | ૦૧ | ૧૯૪.૮૫ | ૯૭ |
| ૯ | COMPUTER | ૩૫ | ૩૭ | ૧૯૦૫૪૭૯ | ૫૭૫૬૯૯ |
| ૧૦ | PRINTER | ૨૩૭ | ૨૩૭ | ૩૯૬૨૨૫૧ | ૧૧૭૫૦૭૧ |
| ૧૧ | કૂલિંગ સિસ્ટમ | ૨૮ | ૩૬ | ૪૬૧૪૩૯ | ૧૪૧૬૩૬ |
| ૧૨ | મિલ્કીંગ મશીન | ૨૦૩ | ૪૩૮ | ૧૭૬૬૧૯૪૦ | ૪૯૧૪૭૭૦ |
| ૧૩ | રબ્બર મેટ | ૨૨૧ | ૩૧૧૮ | ૬૨૯૫૦૬૬ | ૧૮૮૮૩૮૮ |
| ૧૪ | ફરતી પશુ ગમાણ | ૧૦૭ | ૪૦૮ | ૩૨૦૯૭૪૨ | ૯૬૩૫૩૯ |
| ૧૫ | પશુ સાફ સફાઈ બ્રશ | ૨૭ | ૧૩૩ | ૨૪૦૫૭.૨૨ | ૧૧૦૩૬ |
| ૧૬ | LIFTING TRAVICE | ૪૧ | ૪૧ | ૧૨૩૧૮૮૫ | ૩૭૮૧૮૪ |
| ૧૭ | બે પૈડાની ગાડી | ૮૪ | ૧૮૧ | ૧૩૧૩૦૨૬ | ૩૮૧૧૩૪ |
| ૧૮ | ચાર પૈડાની ગાડી | ૧૨૮ | ૨૫૭ | ૨૭૨૨૦૫૫ | ૮૦૨૮૨૪ |
| ૧૯ | TRISODIAM CIATRATE | ૧૬૯ | ૩૭૮૦૮ | ૧૪૪૬૫૬૮ | ૭૦૮૭૯૪ |
| ૨૦ | ધાવણ બોટલની નિપલ | ૪૭ | ૧૬૭ | ૨૩૪૮૩ | ૫૧૬૧ |
| ૨૧ | COMPLEET | ૧૩૬ | ૧૯૭ | ૧૦૪૬૫૬૭ | ૨૦૮૮૫૨ |
| ૨૨ | પ્લાસ્ટિક પાવડા | ૨૫ | ૧૬૧ | ૨૪૨૫૧ | ૧૩૮૦૦૨૬ |
| | કુલ | ૨,૨૩૯ | ૫૩,૧૫૬ | ૫,૨૮,૬૪,૭૮૫ | ૧,૫૯,૨૦,૦૯૬ |









## નવા શાસન દરમ્યાન દૂધ ગ્રાહકોને પ્રતિ લીટર દીઠ 7.86 રૂપિયા વધારે ચૂકવાયા
## વર્ષ 2022-23 ના એક વર્ષ દરમ્યાન 605,70,69,299 રૂપિયા ગ્રાહકોને વધારે મળ્યા

# લેખાંજોખાં

### સાગરમંથન



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. એટલે કે આપણી દૂધસાગર ડેરીમાં સત્તાના સૂત્રો બદલાયા બાદ, આ ડેરીનો જે અંતરઆત્મા છે તે દૂધ ઉત્પાદકને જૂના શાસનના ત્રણ વર્ષ અને શ્રી. અશોકભાઈ ચૌધરી શાસિત આ ત્રણ વર્ષમાં દૂધના ખરીદભાવમાં પ્રતિકીલોએ કેટલો ફાયદો થયો ? તે પ્રશ્નનો જવાબ દૂધસાગર પત્રિકાના વાંચકોને તથા દૂધસાગર સાથે સંકળાયેલા લાખો-લાખો પશુપાલકોને સચોટ રીતે મળી રહે તે હેતુથી દૂધસાગર ડેરીના માન્યતા પ્રાપ્ત આંકડાઓ થકી આપને સાચી માહિતી પહોંચાડવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે.

જૂના શાસનના વર્ષ ૨૦૧૭-૧૮ માં દૂધસાગર ડેરીના ૧૨ બ્લોકો માંથી ખરીદવામાં આવેલા દૂધના એવરેજ પ્રતિલીટરે ૩૬.૫૭ રૂપિયા દૂધસાગર દ્વારા ચૂકવવામાં આવ્યા હતા. ત્યારબાદ, જૂના શાસનના છેલ્લા વર્ષ ૨૦૧૯-૨૦ માં આ ૧૨ વિભાગમાંથી ખરીદવામાં આવેલ દૂધના એવરેજ પ્રતિલીટરના ૩૮.૧૪ રૂપિયા ગ્રાહકોને આપવામાં આવતાં - આ શાસન દરમ્યાન ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ એમ ત્રણ વર્ષ દરમ્યાન દૂધના ભાવોમાં પ્રતિલીટરે માત્ર ૧.૫૭ રૂપિયાનો વધારો થવા પામ્યો હતો.

ભૂતકાળના ત્રણ વર્ષ એટલે કે ૨૦૧૭-૧૮ થી લઈ ૨૦૧૯-૨૦ બાદ, દૂધસાગર ડેરીમાં પશુપાલકોની લાગણી - માગણી અને વિશ્વાસના આધાર ઉપર શ્રી. અશોકભાઈ બી. ચૌધરી પોતાની પરિવર્તન પેનલ સાથે જીત મેળવી તેમણે દૂધસાગર ડેરીનો વહિવટ હાથમાં લીધો ત્યારે દૂધસાગર ડેરીના ગ્રાહકોને દૂધનો પ્રતિલીટરે એવરેજ ૩૮.૧૪ પૈસા ભાવ મળી રહ્યો હતો. વહિવટીય સૂઝબુઝ - કરકસર - વહિવટમાં પારદર્શિતા અને અધિકારીઓ સાથે કામ કરવાના અદભૂત તાલમેલ ના કારણે જે દૂધનો ખરીદ ભાવ પ્રતિલીટરે ૩૮.૧૪ રૂપિયા હતો - તે વર્ષ ૨૦૨૨-૨૩ ના આ વર્તમાન વર્ષમાં દૂધસાગર ડેરીના ૧૨ વિભાગોમાંથી ખરીદાયેલા દૂધના એવરેજ પ્રતિલીટરે ૪૫.૯૯ રૂપિયા ચૂકવવામાં સફળતા મળી છે. જે ભૂતકાળના શાસન કરતાં પ્રતિલીટરે ૭.૮૬ રૂપિયાનો સ્પષ્ટ વધારો સૂચીત કરી રહ્યા છે અને અશોકભાઈ ચૌધરી અને તેમની નિયામક મંડળની ટીમ દ્વારા વહિવટ સંભાળ્યાબાદ દૂધના ખરીદ ભાવમાં માત્ર એક વર્ષ દરમ્યાન કુલ રૂા. ૬૦૫૭૦૬૯૨૯૯ (છસ્સો પાંચ કરોડ, સિત્તેર લાખ, અગણોસિત્તેર હજાર, બસો અને નવ્વાણું રૂપિયા) વધારે દૂધ ઉત્પાદકોને ચૂકવાય છે. જે દૂધસાગર ડેરીમાં વર્તમાન સમયે સૂશાસન છે તેની સાબિતી આપે છે !!

| | | જૂના શાસનના દૂધના ભાવ | | | નવા શાસનના દૂધના ભાવ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિભાગ | 2017-18 | 2019-20 | ભાવ તફાવત | 2020-21 | 2022-23 | ભાવ તફાવત |
| 1 | ચાણસ્મા | 40.55 | 42.38 | 1.83 | 42.38 | 49.35 | 6.97 |
| 2 | હારીજ | 38.19 | 40.28 | 2.09 | 40.28 | 47.84 | 7.57 |
| 3 | કડી | 41.97 | 43.50 | 1.53 | 43.50 | 51.57 | 8.07 |
| 4 | કલોલ | 35.89 | 37.62 | 1.73 | 37.62 | 46.15 | 8.53 |
| 5 | ખેરાલુ | 32.43 | 33.84 | 1.41 | 33.84 | 41.76 | 7.93 |
| 6 | માણસા | 32.58 | 34.42 | 1.84 | 34.42 | 42.44 | 8.03 |
| 7 | મહેસાણા | 37.26 | 39.04 | 1.79 | 39.04 | 47.00 | 7.96 |
| 8 | પાટણ | 38.16 | 39.09 | 0.93 | 39.09 | 46.25 | 7.16 |
| 9 | સિધ્ધપુર | 37.81 | 39.11 | 1.30 | 39.11 | 46.61 | 7.50 |
| 10 | વડનગર | 33.94 | 35.19 | 1.24 | 35.19 | 43.06 | 7.87 |
| 11 | વિજાપુર | 34.31 | 35.75 | 1.43 | 35.75 | 44.16 | 8.41 |
| 12 | વિસનગર | 35.70 | 37.41 | 1.72 | 37.41 | 45.71 | 8.30 |
| | કુલ | 36.57 | 38.14 | 1.57 | 38.14 | 45.99 | 7.86 |

## મોતીભાઈ ફાઉન્ડેશન અને ડેરી ના તાલમેલની સૂગંધ

# જગુદણ કેટલફીડના ભૂગર્ભ રીચાર્જ

## આ ચોમાસામાં ૬૦ વિઘા જમીનનું એક ટીપું પાણી પણ વ્યર્થ નથી ગયું



મહેસાણા જીલ્લા સહકારી દૂધ સંઘના ચેરમેન પદને સતત ૩૫ વર્ષ સુધી શોભા આપનાર સ્વ.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીની હયાતીમાં જ મોતીભાઈ ફાઉન્ડેશનની રચના કરવામાં આવી હતી. આ ફાઉન્ડેશન ની સ્થાપના ના મૂળ હેતુઓ પૈકી એક મુખ્ય હેતું ઉત્તર ગુજરાતની ધરતીમાં ભૂગર્ભ જળ અને તળ ઉંડા હતા તે ઉપર લાવવા માટે મદદ અને મહેનત કરવી. વચ્ચેના સમયગાળામાં આ ફાઉન્ડેશન અને તેના પરમવંદનીય સભ્યો પોતાની રીતે કાર્યરત હતા. પરંતુ, દૂધસાગર ડેરી સાથેનો તાલમેલ થોડોક ઢીલો પડતો હોવાના કારણે આટલી સરસ સંસ્થા રૂપી સિતારમાંથી જોઈએ તેવા કર્ણપ્રિય સૂર રેલાતા નહોતા. દૂધસાગર ડેરીમાં વહિવટ બદલાયા પછી આ સબંધો વચ્ચેનો આપસી તાલમેલ ફરી જામવા પામ્યો છે અને દૂધસાગર ડેરીને મોતીભાઈ ફાઉન્ડેશન તરફથી પ્રકૃતિની સમૃધ્ધિ પ્રાપ્ત થવા પામી છે. તાજેતરમાં દૂધસાગર ડેરીની જગુદણ કેટલફીડ અને પશુસંવર્ધન કેન્દ્રની આશરે ૬૦ વીઘાથી ઉપરની જમીનમાં વરસાદી પાણી ઉતરે અને અહીંના ભૂગર્ભજળના સ્તર ઉપર આવે તે માટે ચોમાસા અગાઉ જ પાણી પહેલાં પાળ બાંધવાની કૂનેહ સાથે મોતીભાઈ ફાઉન્ડેશનના સંપૂર્ણ સહકારથી રૂપિયા ૬,૧૪,૦૮૦ ના ખર્ચે એક એવા બે રીચાર્જ કૂવાનું નિર્માણ કરવામાં આવ્યું હતું જેનો કુલ ખર્ચ રૂપિયા ૧૨,૨૮,૧૬૦ મોતીભાઈ ફાઉન્ડેશન તરફથી ફાળવવામાં આવ્યા હતા. જગુદણની આ ભૂમિ ઉપર આ બે રીચાર્જ કૂવાના નિર્માણનું શુભ પરિણામ હમણાં જોવા મળ્યું છે અને આ ચોમાસામાં પડેલા તમામ વરસાદનાં નીર બહાર વહી જવાને બદલે અહીંની ધરતીના પેટાળમાં જ સમાઈ જવા પામ્યા છે અને એક ટીંપુ પાણી પણ વ્યર્થ જવા પામ્યું નથી. દૂધસાગર ડેરીના ચેરમેન શ્રીએ આ અંગે મોતીભાઈ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે; મોતીભાઈ ફાઉન્ડેશન દ્વારા દૂધસાગરને વધુ ૪ રીચાર્જ કૂવા બનાવવા મંજૂરી મળી ચૂકી છે.

## માનસિંહભાઈનું ચેતન સ્વરૂપ સતત આપણને મદદ કરે છે : અશોકભાઈ ચૌધરી

# ૫૩ મી પૂણ્યતિથીએ મહાત્મા માનસિંહભાઈને દૂધસાગર વંદના







દૂધસાગર ડેરીના આદ્યસ્થાપક સ્વ.શ્રી. માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલની ૫૩ મી પૂણ્યતિથી નિમીત્તે તા.૩૦ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે દૂધસાગર ડેરી દ્વારા આયોજીત પૂષ્પાંજલિ અને ભાવાંજલિના કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી સાથે MD શ્રી. અને ઉચ્ચ અધિકારીઓ સહિત તમામ કર્મચારીઓએ માનસિંહભાઈ સાહેબના મહાન જીવનને નમન કર્યા હતા. આ પ્રસંગે દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ચેરમેનશ્રી.એ માનસિંહભાઈ સાહેબ ચેતના સ્વરૂપે સતત આપણી સાથે અને આપણું બધાનું પ્રેરક બળ છે એમની અનુભૂતિ ડેરીના રજ - રજ અને કણ-કણમાં આપણને વર્તાય છે. માનસિંહભાઈ સાહેબનો આત્મા આજે પણ આપણને મદદ કરે છે તેમ જણાવ્યું હતું.

ओम शिव सागरस्य महादेवस्य तन्नो रुद्र प्रचोदयात् ।।

# દૂધસાગરમાં હવે શિવસાગર

**રૂડો અવસર આવ્યો છે આપણા આંગણે : વિજયા દશમીથી ત્રી-દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તથા મહારૂદ્ર યાગ**



મહેસાણા દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી. અશોકભાઈ બી. ચૌધરી તથા તેમના સાથી નિયામક મંડળની પ્રેરણાથી - સંસ્થામાંથી એક પણ પૈસાનો ખર્ચ કર્યા વિના ડેરીના તમામ વિભાગોના કર્મચારીઓના અભૂતપુર્વ સહયોગ અને યોગદાનથી દૂધસાગર ડેરીના કેમ્પસમાં એક દિવ્ય અને ભવ્ય શિવાલય આકાર પામી ચૂક્યું છે. નવનિર્મીત આ દૂધસાગર શિવાલયમાં આગામી તા.૨૪ ઓક્ટોબર, મંગળવાર અને આસો સુદ -૧૦ (વિજયા દશમી) થી આસો સુદ-૧૨ અને તા.૨૬ ઓક્ટોબર, ગુરૂવાર સુધી ત્રિ-દિવસીય મહારૂદ્ર યાગ વિદ્વાન ભૂદેવોની હાજરીમાં પવિત્ર મંત્રોચાર અને ભારતીય હિંદુ સનાતન સંસ્કૃતિ આધારિત શાસ્ત્રોક્ત પધ્ધતિ સાથે શિવસાગર મહાદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારે આધ્યાત્મિક અને દબદબા પૂર્વક યોજાશે.

ત્રણ દિવસ સુધી ચાલનાર આ ધાર્મિક મહોત્સવમાં પ્રથમ પાવનકારી દિવસે એટલે કે વિજયા દશમીના રોજ યજ્ઞ પ્રારંભ કરવામાં આવશે જેમાં પંચાગ કર્મ, મંડપ પ્રવેશ, અગ્નિ સ્થાપન, મંડપના દેવતાઓનું આહવાહન, કુટીર હોમ, મહારૂદ્ર યાગનો હોમ તથા સંધ્યાપૂજા થાળ અને આરતી કરવામાં આવશે.

પ્રસંગના બીજા પુણ્યકારી દિવસે એટલે કે ૨૫ ઓક્ટોબર અને બુધવાર (અગિયારશ) ના રોજ પ્રાતઃ પુજન, મહારૂદ્ર યાગનો હોમ, જલયાત્રા / શોભાયાત્રા, પ્રતિષ્ઠા સબંધિત હોમ, સ્નપન વિધિ/જલાધિવાસ, ધાન્યાધિવાસ, ધૃતાધિવાસ, શૈયાધિવાસ, મહારૂદ્ર યાગનો હોમ, સાયં પૂજા થાળ, આરતીની વિધી વિધાન શાસ્ત્રોક્ત પધ્ધતિથી કરવામાં આવશે.

મહારૂદ્ર યાગ અને પ્રાણ પ્રતિષ્ઠાના છેલ્લા અને મંગલકારી ત્રીજા દિવસે એટલે કે ૨૬ ઓક્ટોબર અને ગુરૂવાર (બારસ)ના રોજ પ્રાતઃ પૂજન, પ્રસાદ વાસ્તુ દિક્ષુવિદિક્ષુ હોમ, મહારૂદ્ર યાગનો હોમ, દેવ પ્રાણ પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠાનો મુખ્ય હોમ કાર્ય, યજ્ઞની પુર્ણાહુતી, મહાઆરતી સાથે પ્રસંગની પૂર્ણાહૂતિ કરવામાં આવશે. દૂધસાગર મેનેજમેન્ટ દ્વારા દૂધસાગર સાથે સંકળાયેલી તમામ મંડળીઓ અને સંસ્થાઓને આ પવિત્ર પ્રસંગમાં હાજરી આપી એક નવા દિવ્ય અને ભવ્ય વાતાવરણ સાથે દૂધસાગર ડેરીને મળેલ શિવસાગર મહાદેવને આવકારવા હૃદયસ્થ આમંત્રણ આપવામાં આવશે.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા